## :: શાળાના સામાન્ય નિયમો ::

૧. વિદ્યાર્થીએ શાળામાં નિયત કરેલા સ્વચ્છ અને સુઘડ ગણવેશમાં જ આવવાનું રહેશે.

૨. શાળા સમય દરમ્યાન માત્ર આચાર્યશ્રીની પૂર્વ પરવાનગી સાથે આપ આપના પુત્ર/પુત્રી/પાલ્ય ના શિક્ષકોને મળી શકશો.

૩. શાળાના વિદ્યાર્થીઓ/શિક્ષકોને કોઈપણ પ્રકારની વ્યક્તિગત ભેટ આપી શકાશે નહિ.

૪. શાળામાં વિદ્યાર્થીએ સમયસર આવવાનું રહેશે અને જો કોઈ વિદ્યાર્થી મહિનામાં ત્રણથી વધુ વખત મોડો પડશે તો તેને આચાર્ય દ્વારા તેને ઘરે પરત મોકલવામાં આવશે અને વાલીને તે અંગે ફોન દ્વારા જણાવવમાં આવશે.

૫. શાળાની માલ મિલકતને જો કોઈ વિદ્યાર્થી નુકસાન પહોંચાડશે તો તેની નુકસાની ભરપાઈ કરવાની જવાબદારી જે તે વિદ્યાર્થીના પિતા/વાલીની રહેશે આ બાબતે આચાર્યશ્રીનો નિર્ણય આખરી રહેશે.

૬. વિદ્યાર્થીની ગેરહાજરી બાબતે વાલીએ શાળાને તરત જાણ કરવાની રહેશે અને અનિવાર્ય સંજોગો સિવાય ગેરહાજરી માટે પૂર્વ પરવાનગી લેવાની રહેશે.

૭. જો આપના પુત્ર/પુત્રી/પાલ્ય કોઈ ચેપી રોગથી પીડાતા હોય તો મહેરબાની કરીને પૂરેપૂરા સાજા થયા બાદ જ શાળાએ મોકલવા વિનંતી. વિદ્યાર્થીને આવા સંજોગોમાં માંદગીની રજા આપવામાં આવશે. વાલીએ આ માટે દાક્તરનું પ્રમાણ પત્ર આપવાનું રહેશે.

૮. જો કોઈ વિદ્યાર્થી સતત ત્રીસ દિવસ કે તેથી વધુ દિવસો માટે શાળાને જાણ કર્યા વગર ગેરહાજર રહેશે તો તેવા વિદ્યાર્થીનું નામ વગર નોટિસે કમી કરવામાં આવશે.

૯. અનિયમિત હાજરી, શિસ્તનો અભાવ, શિક્ષકો અથવા આચાર્યશ્રી સાથે ગેરવર્તાવ અથવા અન્ય કોઈ રીતે શાળામાં કે શાળાની બહાર ગેર શિસ્ત ભર્યુ વર્તન અથવા અન્ય કારણો વિદ્યાર્થીનું નામ કમી કરવા માટે જવાબદાર છે.

૧૦. શાળામાં દરેક વિદ્યાર્થીએ પોતાની ડાયરી દરરોજ લાવવાની રહેશે અને જ્યારે જ્યારે કહેવામાં આવે ત્યારે વાલીની સહી લાવવાની રહેશે.

૧૧. શાળાની ફી દર મહિનાની તારીખ ૨૦મી કે તેની પહેલાં ભરવાની રહેશે. ત્યાર બાદ મોડી ફી ભરનારને મહિનાના રૂા. ૧૦/– દંડ પેટે ભરવાના રહેશે.

૧૨. અરજી પત્રક સાથે ભરેલ ફી કોઈપણ સંજોગોમાં પરત કરવામાં આવશે નહિ.

૧૩. **જે વાલી તેમના પુત્ર/પુત્રી/પાલ્યની ફી સતત બે માસ સુધી નહી ભરે તો તેવા વિદ્યાર્થીનું નામ કોઈપણ જાતની જાણ કર્યા વગર કમી કરવામાં આવશે.**

૧૪. જે વિદ્યાર્થીઓના નામ વર્ગ રજીસ્ટર પર જે તે મહિનાના માત્ર એક દિવસ માટે હશે તો પણ તે મહિનાની ફી પૂરેપૂરી ભરવાની રહેશે.

૧૫. શાળાના ગણવેશ માટે શાળા સંચાલક મંડળનો નિર્ણય આખરી ગણાશે જેમાં વાલી કોઈ પ્રકારે દાખલગીરી કરી શકશે નહિ.

શાળા ના પ્રવેશના તેમજ શાળાના સામાન્ય નિયમો મેં વાંચ્યા છે અને શાળાના હાલના અને હવે પછી ઘડવામાં આવે તે તમામ નિયમોનું હું પાલન કરીશ તેની બાંહેધરી આપું છું.

સ્થળ : પિતા/વાલીની સહી

તારીખ : (નામઃ )